# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૫/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'ધી ઈમર્જીંગ ડાયનેમિક્સ ઓફ ઈન્ટરનેશનલ બિઝનેસ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'ધી ઇમર્જીંગ ડાયનેમિક્સ ઓફ ઇન્ટરનેશનલ બિઝનેસ' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે બેંગકોકથી થાઇલેન્ડ સરકારના ફોરેન ટ્રેડ વિભાગના નિવૃત્ત ડાયરેકટર જનરલ મિસ્ટર અદુલ ચોટીનિસાકોર્ન અને ઇન્ડો આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ, મુંબઇના સેક્રેટરી જનરલ શ્રીમતી સુનંદા રાજેન્દ્રને આંતરરાષ્ટ્રીય વ્યવસાયની ઉભરતી ગતિશિલતાનું વિશ્લેષણ કરી મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, લોકડાઉન દરમિયાન ચેમ્બર દ્વારા મહત્વના વિષયો ઉપર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના વેબીનારનું આયોજન કરવામાં આવી રહયું છે.

મિસ્ટર અદુલ ચોટીનિસાકોર્ને જણાવ્યુ હતુ કે, યુએસમાં કોવિડના સૌથી ઝડપથી કેસ વધી રહયાં છે. આને કારણે યુરોપિયન યુનિયન પણ મુશ્કેલીમાં મુકાઇ ગયુ છે. જાપાનમાં પણ તેની ગંભીર અસર વર્તાઇ છે. કોવિડને કારણે જાપાનમાં ઓલમ્પિક સ્થગિત કરી દેવામાં આવી છે. ચાઇનાની સૌથી ખરાબ હાલત થઇ છે. ચાઇનાનું વુહાન શહેર અને ફિલીપાઇન્સ દેશ કોવિડથી હાયલી અફેકટેડ છે. કોવિડને કારણે ડોલરમાં પણ ઉતાર–ચડાવની સ્થિતિનું નિર્માણ થયું છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, જાપાનમાં જીડીપી ગ્રોથ માર્ચ બાદ ડાઉન થયો છે. સ્મોલ એન્ડ મિડિયમ ફર્મ અફેકટેડ થઇ છે. માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વના મોટાભાગના બધા જ દેશોમાં કોવિડને કારણે ગંભીર સ્થિતિ પેદા થઇ છે. કોવિડને કારણે થાઇલેન્ડમાં જીડીપી ગ્રોથ ઘટી રહયો છે. થાઇલેન્ડ ડાયમંડ માટે સુરત ઉપર જ વધારે નિર્ભર રહે છે. આથી જેમ એન્ડ જવેલરી સેકટર પણ અફેકટેડ થયું છે. પ્રાઇવેટ કન્ઝમ્પ્શન એક્ષ્પેન્ડીચર, સરકારી કન્ઝમ્પ્શન એક્ષ્પેન્ડીચર, પ્રાઇવેટ ઇન્વેસ્ટમેન્ટ, પબ્લીક ઇન્વેસ્ટમેન્ટ, મેન્યુફેકચરીંગની આખી સપ્લાય ચેઇન, ટુરીઝમ તેમજ હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રી અને ફાયનાન્શીયલ માર્કેટ અસરગ્રસ્ત થઇ છે. એસ.એમ.ઇ. ગ્લોબલી અફેકટેડ થયા છે.

મિસ્ટર અદુલે વધુમાં કહયું હતું કે, કોવિડને કારણે યુરોપિયન યુનિયનમાં બધા દેશો વચ્ચે તણાવની સ્થિતિનું સર્જન થયું છે. આથી આંતરરાષ્ટ્રીય વેપાર માટે બે દેશો એકબીજાની વચ્ચે વેપાર – ઉદ્યોગના કરાર ઉપર વધારે ભાર મુકશે. અત્યારે બધા જ દેશો લોકડાઉનમાં છે ત્યારે એકબીજાના દેશોમાં અવરજવર બંધ થઇ ગઇ છે. મને લાગે છે કે આરસેપ બધા દેશો માટે ઉપયોગી થશે. આરસેપને કારણે ઝીરો ટકા ઇમ્પોર્ટ ડયુટીના આધારે મેમ્બર દેશો એકબીજાની સાથે વેપાર કરી શકશે. નોન ટેરીફ બેરિયરને કારણે મેમ્બર દેશોને લાભ થશે. અન્ય દેશોની જેમ ભારતને પણ આનો લાભ થશે. વધુમાં તેમણે કહયુ કે, કોવિડ બાદ એક્ષપોર્ટ પણ ધીમી ગતિથી શરૂ થશે. સર્ટિફિકેટ ઓફ ઓરિજીનમાં પણ સરકાર નિકાસકારોને સપોર્ટ કરી રહી છે. આ એકમાત્ર દેશની નહીં પણ બધા જ દેશોની સમસ્યા છે. આથી બધા દેશોએ સંગઠીત થઇને ભવિષ્યમાં એકસાથે મળીને કામ કરવુ પડશે.

શ્રીમતી સુનંદા રાજેન્દ્રને જણાવ્યુ હતુ કે, કોવિડને કારણે આફ્રિકન દેશો પણ અસરગ્રસ્ત થયા છે. એવા સંજોગોમાં આફ્રિકન યુનિયન રિયાલિસ્ટીક સિનારીયો અને પેસિમિસ્ટીક સિનારીયોને ધ્યાનમાં રાખીને ઉદ્ભવેલી સમસ્યામાંથી બહાર નિકળવા પ્રયાસ કરી રહયું છે. કોવિડને કારણે આફ્રિકામાં જીડીપી ગ્રોથ ૪.૫ ટકાથી વધારે ઘટવાની શકયતા છે. ડાયમંડ ઇન્ડસ્ટ્રી પણ ખૂબ જ અસરગ્રસ્ત થઇ છે. સુરત રફ ડાયમંડ મોટાભાગે આફ્રિકામાંથી મંગાવે છે. આથી આફ્રિકામાંથી સુરતમાં રો મટિરિયલ નહીં આવે તો તેની વિપરીત અસર આફ્રિકાની ઇકોનોમી ઉપર પડવાની સંભાવના છે. આને કારણે જેમ એન્ડ જવેલરીની પાંચ ટકા દુકાનોના શટર પણ બંધ થઇ ગયા છે. ડાયમંડ, લકઝરી પ્રોડકટ છે. સપ્લાય ચેઇન, ઇમરજન્સી લિકવીડ અને કેશ ટ્રાન્ઝેકશન મેજર આસ્પેકટ્સ છે પણ હમણા સૌથી મહત્વનું ફેકટર હેલ્થ સેકટર છે. લોકોના આરોગ્યની જાળવણી અને કોવિડથી તેમની રક્ષા જ બધા દેશોની પ્રાથમિકતા છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, આફ્રિકામાં મોટાભાગે ફ્રાન્સ અને યુએસનું રોકાણ વધારે છે. કોવિડને કારણે જે સમસ્યાઓ ઉભી થઇ છે તેમાંથી બહાર આવવા માટે આફ્રિકામાં પ્લાનીંગ કરવામાં આવી રહયું છે. આફ્રિકન કોન્ટીનન્ટમાં ૨૮ જેટલા દેશો કરારમાં જોડાયેલા છે. ડેકલેરેશન ઓફ કો–ઓપરેશન અને ચાર્ટર્ડ ઓફ કો–ઓપરેશન ઉપર ગંભીરપણે કામ કરવામાં આવી રહયું છે. બધા દેશોને કોરોનાને કન્ટ્રોલ કરતા ઓછામાં ઓછા ચાર–છ મહિના લાગશે. ત્યારબાદ બધું સામાન્ય થતા આઠ મહિના લાગશે એવું મને લાગે છે.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. જેમાં વિશ્વભરમાંથી ૨૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો અને ખૂબ જ સારો પ્રતિભાવ તેઓનો જોવા મળ્યો હતો. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.